અહેવાલ સભાગૃહમાં રજૂ થયા
તારીખ:-૨૩/૦૮/૨૦૨૪

सत्यमेव जयते

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

## પંદરમી ગુજરાત વિધાનસભા

## બીજો અહેવાલ

### આદિજાતિ વિકાસ વિભાગ

**(આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) અંતર્ગત અમલી અનુસૂચિત જનજાતિઓ માટેની યોજનાઓની તપાસ)**


ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય

ગાંધીનગર

૨૦૨૪

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

**(વર્ષ ૨૦૨૪-૨૫)**

## પ્રમુખશ્રી

શ્રી અભેસિંહ તડવી

## સભ્યશ્રીઓ

શ્રી કાન્તીભાઇ ખરાડી

શ્રી પી. સી. બરંડા

શ્રી મહેશભાઇ ભુરીયા

શ્રી શૈલેષભાઇ ભાભોર

શ્રી કનૈયાલાલ કિશોરી

ડૉ. દર્શના દેશમુખ

શ્રી રીતેશકુમાર વસાવા

શ્રી મોહનભાઈ કોંકણી

ડૉ.જયરામભાઇ ગામીત

શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા

## ગુજરાત વિધાનસભા સચિવાલય

| | | |
|---|---|---|
| શ્રી ચેતન પંડ્યા | - | ઇન્ચાર્જ સચિવ |
| શ્રી પાર્થ પ્રજાપતિ | - | સમિતિ સચિવ |
| શ્રી જસ્મીન કાવઠિયા | - | શાખા અધિકારી |

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

**(વર્ષ ૨૦૨૩-૨૪)**

## પ્રમુખશ્રી

શ્રી અભેસિંહ તડવી

## સભ્યશ્રીઓ

શ્રી કાન્તીભાઇ ખરાડી

શ્રી પી. સી. બરંડા

શ્રી મહેશભાઇ ભુરીયા

શ્રી શૈલેષભાઇ ભાભોર

શ્રી કનૈયાલાલ કિશોરી

ડૉ. દર્શના દેશમુખ

શ્રી રીતેશકુમાર વસાવા

શ્રી મોહનભાઈ કોંકણી

ડૉ.જયરામભાઇ ગામીત

શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી.એમ.પટેલ - સચિવ

શ્રી પાર્થ પ્રજાપતિ - સમિતિ સચિવ

શ્રી જસ્મીન કાવઠિયા - શાખા અધિકારી

# અહેવાલ

૧. હું અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પ્રમુખ, પંદરમી ગુજરાત વિધાનસભાની સમિતિનો બીજો અહેવાલ રજૂ કરુ છું.

૨. સમિતિએ આ અહેવાલ ઉપર તેની તા.૨૧/૦૮/૨૦૨૪ની બેઠકમાં વિચારણા કરી તેને સર્વાનુમતે મંજૂર કર્યો હતો.

૩. સમિતિએ આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) દ્વારા અનુસૂચિત જનજાતિઓ માટેની યોજનાઓની કામગીરી અંગેની તપાસ હાથ ધરવાનું નક્કી કરેલ જેના અનુસંધાને આદિજાતિ વિકાસ વિભાગ પાસેથી તા.૦૪/૦૯/૨૦૨૧ તથા ત્યાર બાદ તા.૨૯/૦૪/૨૦૨૨ અને તા.૨૭/૦૬/૨૦૨૨ તથા તા.૧૨/૦૯/૨૦૨૨ના સ્મૃતિપત્રોથી સાહિત્ય મંગાવવામાં આવેલ હતુ. વિભાગ દ્વારા સંબંધિત સાહિત્ય સમિતિની બેઠકના એક દિન અગાઉ (તા.૧૮/૧૨/૨૦૨૩ના રોજ) મોકલી આપેલ હોઇ સમિતિએ તા.૧૯/૧૨/૨૦૨૩ના રોજની બેઠકમાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) દ્વારા મળેલ સાહિત્યનો અભ્યાસ કરવા તેમજ આદિજાતિની વધુ વસતી ધરાવતા ૧૪ જિલ્લાઓમાં ડી-સેગ દ્વારા અમલ કરવામાં આવતી યોજનાઓની વિગતવાર તપાસ કરવાનો નિર્ણય કર્યો હતો. ઉક્ત બેઠકમાં થયેલ નિર્ણયના અનુસંધાને જિલ્લાવાર સાહિત્ય તા. ૨૮/૧૨/૨૦૨૩ના પત્રથી મંગાવવામાં આવેલ જેના અનુસંધાને વિભાગે તા.૨૩/૦૧/૨૦૨૪ના રોજ સંબંધિત સાહિત્ય સમિતિના અભ્યાસ અર્થે

મોકલી આપેલ. સમિતિ દ્વારા તા.૨૫/૦૬/૨૦૨૪, તા. ૦૯/૦૭/૨૦૨૪ અને તા.૨૩/૦૭/૨૦૨૪ ના રોજ ડી-સેગ દ્વારા આપવામાં આવેલ સાહિત્ય અન્વયે અનુસૂચિત જનજાતિઓ માટેની યોજનાઓની સમીક્ષા કરી હતી અને ઉક્ત યોજનાઓની કામગીરી અંગેની વિગતવાર તપાસ હાથ ધરી હતી. ઉક્ત તપાસમાં વિભાગના સચિવશ્રી તેમજ ડી-સેગના મુખ્ય કારોબારી અધિકારીશ્રી સહિત અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

૪. સમિતિની તા.૨૫/૦૬/૨૦૨૪ના રોજની બેઠકમાં ડી-સેગ દ્વારા કરવામાં આવતી કામગીરીની પૃચ્છાના સંદર્ભમાં વિભાગના સચિવશ્રી દ્વારા ડી-સેગના વહીવટી માળખા વિષે વિસ્તૃત માહિતી આપેલ જે મુજબ આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ ડી-સેગ એક સોસાયટી તરીકે નોંધાયેલ છે. સોસાયટીની ગવર્નિંગ બોડીના ચેરમેન તરીકે મુખ્ય સચિવશ્રી હોય છે તથા તેની નીચે એક એક્સિક્યુટીવ કમિટી કાર્યરત છે જેના ચેરમેન તરીકે આદિજાતિ વિકાસ વિભાગના સચિવ હોય છે. સરકાર દ્વારા જે પણ યોજના મંજૂર કરવામાં આવે છે તે યોજનાની અમલવારી ડી-સેગ દ્વારા ઠરાવ મુજબ કરવામાં આવે છે. ત્યાર બાદ સમિતિની ડી-સેગ મારફત ચલાવવામાં આવતી વૉકેશનલ ટ્રેઈનિંગ યોજના અંગેની પૃચ્છા અન્વયે ડી-સેગના મુખ્ય કારોબારી અધિકારીએ જણાવેલ કે આ યોજનાનું અમલીકરણ પી.પી.પી. ધોરણે ડી-સેગમાંથી થાય છે. જેમાં મુખ્યત્વે આઠ વૉકેશનલ ટ્રેઇનિંગ સેન્ટર્સની શરૂઆત કરી છે અને બીન સરકારી સંસ્થાઓ જેવાં કે શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ, મુનિસેવા આશ્રમ, ગ્રામ વિકાસ કેન્દ્ર ટ્રસ્ટ, મારૂતિ સુઝુકી લિમિટેડ, અતુલ ફાઉન્ડેશન દ્વારા આ આઠ વી.ટી.સી. ચલાવવામાં આવે છે. આ યોજના અંતર્ગત વિદ્યાર્થીદીઠ રહેવાનું, જમવાનું અને તાલીમ માટે જે ખર્ચ થાય એ આપવામાં આવે છે.

ડિસેમ્બર - ૨૦૨૩માં આ યોજનામાં સુધારો કરવામાં આવેલ છે જે મુજબ ભારત સરકારના નેશનલ સ્કીલ ક્વૉલિફિકેશન ફ્રેમ વર્કના નોર્મ્સ પ્રમાણે ચૂકવણી કરવામાં આવે છે.

૫. સમિતિની વૉકેશનલ ટ્રેઇનિંગ યોજના અંતર્ગત તાલીમાર્થીઓએ કયા ટ્રેડ/ અભ્યાસક્રમ પ્રમાણેની તાલીમ લીધી તથા વર્ષવાર કેટલો ખર્ચ થયો અને એન.જી.ઓ.ને કેટલી સહાય ચૂકવી તે અંગેની પૃચ્છા અન્વયે વિભાગના સચિવે જણાવ્યુ હતુ કે તાલીમ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ૭૫ ટકા વિદ્યાર્થીઓ/ યુવાનો/ લાભાર્થીઓને રોજગારીની તક મળવી જોઇએ તેવી ઠરાવમાં જોગવાઇ કરેલ હતી. વી.ટી.સી. ચલાવનાર સંસ્થાઓ મોટાપાયે ઇન્ડસ્ટ્રીઅલ ગ્રુપ જ છે અને ઇન્ડસ્ટ્રીઅલ વિસ્તારની આસપાસ કાર્યરત છે જેથી ઠરાવની શરત મુજબ ૮૦ થી ૮૫ ટકા લાભાર્થીઓ રોજગારી મેળવે છે. વધુમાં સમિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં આ યોજના અંતર્ગત ચાલતા અભ્યાસક્રમોની પૃચ્છાના સંબંધમાં ડી-સેગના મુખ્ય કારોબારી અધિકારીએ જણાવ્યુ હતુ કે છોટા ઉદેપુર જિલ્લામાં વી.ટી.સી. કાર્યરત નથી પરંતુ વડોદરા જિલ્લામાં ત્રણ વી.ટી.સી. કાર્યરત છે. જે પૈકી ઓલ ગુજરાત ઇન્સ્ટિટ્યુટ ઓફ ડ્રાઇવીંગ ટેકનીકલ ટ્રેનીંગ એન્ડ રીસર્ચ, વડોદરા કે જે મારૂતિ સુઝુકી ફાઉન્ડેશન ચલાવે છે તથા શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ, વડોદરા અને મુની સેવા આશ્રમ અલગ-અલગ ચાર-પાંચ ટ્રેડ કોર્સીસ માટે વી.ટી.સી. ચલાવે છે. સમિતિએ આદીવાસી યુવાનોને ડ્રાઇવિંગ લાઇસન્સ સહિત અન્ય ટ્રેડ કોર્સીસની જાણકારી મળી રહે તે માટે દરેક તાલુકાવાઇઝ કે મોટી કોલેજોમાં તેનો પ્રચાર થાઇ શકે કે કેમ તે અંગેની પૃચ્છા અન્વયે વિભાગના સચિવે જણાવ્યુ હતુ કે આદિજાતિ વિસ્તારોમાં સ્કીલ ટ્રેનિંગની ડી-સેગમાં જે સ્કીમો છે એનું એક મોટું પોસ્ટર બનાવીને હાઇસ્કૂલ અને કોલેજમાં બધા જોઇ શકે એવા વિસ્તારમાં

મૂકી શકાય. સમિતિએ અવલોકન કરેલ હતુ કે ડી-સેગની જે પ્રવૃત્તિઓ થાય છે એનાથી પ્રજા, આદિવાસી લોકો વધારે જાણકારી મેળવે એ જરૂરી છે આથી, **સમિતિ ડી–સેગ વ્દારા અમલમાં મુકેલ યોજનાઓનો મુખ્ય હેતુ આદીવાસી લોકોને રોજગારી મળી રહે તે હોઇ, ડી–સેગની તમામ યોજનાઓની જાણકારી ધારાસભ્યશ્રીઓ તથા જિલ્લા અને તાલુકા સ્તરે તમામ આદીવાસી લોકોને મળી રહે તે માટે જરૂરી તમામ વ્યવસ્થા ગોઠવવા ભલામણ કરે છે.**

૬. સમિતિએ વૉકેશનલ ટ્રેઈનિંગ યોજના અંતર્ગત ડ્રાઈવિંગ લાઇસન્સ આપવાના સંબંધમાં નોંધ્યુ હતુ કે તેમાં લાઇટ મોટર વ્હીકલ (એલ.એમ.વી) કેટેગરી માટે લાયસન્સ આપવામાં આવે છે જેના આધારે વ્યક્તિને રોજગારી મળે છે પરંતુ સ્વરોજગારની નિગમની કે અન્ય યોજનાઓમાં ટ્રેક્ટર આપવામાં આવે છે તેમાં જો વ્યક્તિ પાસે ટ્રેક્ટર ચલાવવા માટેનું લાયસન્સ ન હોય તો તે અરજી કરી શકતો નથી વધુમાં ભારે વાહન જેવા કે ટ્રક કે બસનું લાયસન્સ આપવામાં આવે તો તેને રોજગારી મળવાની શકયતાઓ વધી જાય છે. ઉક્ત બાબતના અનુસંધાને વિભાગના સચિવે જણાવ્યુ હતુ કે આ યોજનામાં એલ.એમ.વી. લાઇસન્સ વધારે આપવામાં આવે છે અને જે.સી.બી. અને ફ્રોર કિલપ્ટ જેવા ત્રણ-ચાર પ્રકારના વાહનો રોજગારી વધારે મળી રહે એ હેતુથી રાખવામાં આવેલ છે પણ ભારે વાહનો માટે લાયસન્સ આપવાની બાબત સમાવિષ્ઠ કરેલ નથી. **આથી, સમિતિ વૉકેશનલ ટ્રેઈનિંગ યોજના અંતર્ગત આદિજાતિના લોકોને ટ્રેક્ટર માટે તથા કોમર્શીયલ ડ્રાઇવીંગ લાયસન્સ જેવા કે હેવી ગુડ્સ મોટર વ્હીકલ**

**(એચ.જી.એમ.વી.), હેવી પેસેન્જર મોટર વ્હીકલ (એચ.પી.એમ.વી) અને લાઇટ મોટર વ્હીકલ (એલ.એમ.વી.) મળી રહે તેવી વ્યવસ્થા કરવા ભલામણ કરે છે.**

૭. સમિતિની જી.પી.એસ.સી.વર્ગ-૧ અને વર્ગ-૨ કોચીંગ તથા સ્પીપા પ્રવેશ કોચીંગ યોજના અંતર્ગત એજન્સી પસંદગી કઇ રીતે કરવામાં આવે છે તથા ક્યા-ક્યા જિલ્લાઓમાં કેટલા કોચિંગ સેન્ટર્સ શરૂ કરવામાં આવેલ છે તેની પૃચ્છાના સંબંધમાં ડી-સેગના મુખ્ય કારોબારી અધિકારીએ જણાવ્યુ હતુ કે જાહેરાત આપીને એજન્સીને એમ્પેનલ કરવામાં આવે છે. પહેલાં એક વર્ષ માટે એમ્પેનલ કરવામાં આવે છે અને ત્યારપછી એક વર્ષ માટે વધારવાની જોગવાઇ રાખવામાં આવેલ છે. ઓનલાઇન પ્રક્રિયા દ્વારા વિદ્યાર્થીઓનું મેરિટ લિસ્ટ તૈયાર કરી સંલગ્ન જિલ્લામાં આપવામાં આવે છે ત્યાર બાદ એમ્પેનલ એજન્સી દ્વારા જ્યાં ૨૦ થી વધારે બાળકો હોય તે જિલ્લામાં નજીકની જગ્યા પસંદ કરીને કોચિંગ આપવામાં આવે છે.

૮. સમિતિની તા.૨૫/૦૬/૨૦૨૪ અને તા.૦૯/૦૭/૨૦૨૪ના રોજની બેઠકમાં મેડીકલ-એન્જીનીયરીંગ પ્રવેશ કોચિંગ યોજના અંગેની વિસ્તૃત ચર્ચા હાથ ધરવામાં આવેલ હતી. વિભાગના સચિવે ઉક્ત યોજનાની વિગતો આપતા જણાવ્યુ હતુ કે રાજ્ય સરકારની મેડીકલ-એન્જીનીયરીંગ પ્રવેશ કોચિંગ માટે વિદ્યાર્થીદીઠ રૂ.૨૦ હજારની સહાય આપવાની યોજના હતી જેમાં જાહેરાત કરીને એજન્સીનું સિલેક્શન કરવામાં આવતું હતું. આ યોજના ૧૦-૧૨ વર્ષથી ચાલતી હતી એટલે વિવિધ એજન્સીઓની સ્પર્ધામાં વર્ષ ૨૦૨૧-૨૨ પહેલાં ટેન્ડર પ્રક્રિયા હેઠળ સૌથી ઓછા ભાવ ભરનાર એજન્સીને એનલિસ્ટ કરી કામ સોંપવામાં આવતુ હતુ. જે રૂ.૪,૫૦૦/-માં કોચિંગ આપતા હતા જેમા ગુણવત્તા જળવાતી ન હતી જ્યારે સારી ગુણવત્તાવાળી

એજન્સીઓ એક થી દોઢ લાખ રૂપિયામાં કોચિંગ આપતી હોય છે. ત્યારબાદ વિભાગે સંસ્થાને સહાય આપવાનું નક્કી કર્યું હતુ અને ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત એમ ત્રણ ઝોનનું વર્ગીકરણ કરી ત્રણ સંસ્થાઓ સિલેક્ટ કરી હતી જે પૈકી બે સંસ્થાની કામગીરી યોગ્ય ન હોઇ તેને બંધ કરી દીધેલ હતી. વિભાગના સચિવે વધુમાં જણાવ્યુ હતુ કે વિભાગ દ્વારા બે બાબતોનું આયોજન હાથ ધરવામાં આવેલ છે જેમાં વિદ્યાર્થીઓને નુકસાન ન થાય તે માટે અવંતિ ફાઉન્ડેશન કે જે વિનામૂલ્યે ઓનલાઇન કોચિંગ આપવાનું કાર્ય કરે છે તેની સેવા લેવાનું નક્કી કરેલ અને વિદ્યાર્થીઓને જુલાઇથી માર્ચ મહિના સુધી કોચીંગ મળી રહે તે માટે સંસ્થા સાથે એમ.ઓ.યુ. પણ કરવામાં આવેલ છે અને ત્યારબાદ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ આ પ્રકારની યોજનાઓમાં જે પદ્ધતિ અનુસરે છે તે મુજબની કાર્યવાહી હાથ ધરવાનું નક્કી કર્યુ હતુ જેમા ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડી.બી.ટી.) મારફતે વિદ્યાર્થીઓને સહાયની રકમ તેમના ખાતામાં આપવામાં આવે અને વિદ્યાર્થીને આ સહાયની રકમથી જ્યાં તાલીમ લેવી હોય ત્યાં લઇ શકે પરંતુ હજી વિભાગે તેનો અમલ શરૂ કરેલ નથી તેમ જણાવેલ હતુ. સમિતિએ અવલોકન કરેલ હતુ કે વિદ્યાર્થીદીઠ રૂ.૨૦ હજારની સહાય ઘણી ઓછી કહેવાય જેમાં વધારો કરવો પડે તેમજ દરેક જિલ્લામાં હેડ ક્વાર્ટર પર ક્લાસીસ કરવામાં આવે અને બાળકોની રહેવા-જમવાની પણ વ્યવસ્થા કરવામાં આવે તો વધુ લોકોને લાભ આપી શકાય. વધુમાં વિદ્યાર્થીને ડી.બી.ટી. મારફતે સહાયની રકમ ચૂકવવામાં આવે તો તેનો ઉપયોગ કોચીંગ લેવા સિવાય અન્ય હેતુઓ માટે પણ થઇ શકે છે તેવી શક્યતાને નકરી શકાય નહીં. **આથી, સમિતિએ વિભાગને ઉક્ત તમામ બાબતોની કાળજીપૂર્વકની વિચારણા કરી અને મેડીકલ-એન્જીનીયરીંગ પ્રવેશ કોચિંગ**

**યોજના અંતર્ગત આપવામાં આવતી વિદ્યાર્થીદીઠ રૂ. ૨૦ હજારની વર્તમાન સહાયમાં અનુરૂપ વધારો કરવા તથા ઉક્ત સહાયની રકમ વિદ્યાર્થીએ લીધેલ કોચીંગના પૂરાવા રજૂ કર્યેથી વિદ્યાર્થીને ડી.બી.ટી. મારફત સીધા તેમના બેંક ખાતામાં ચૂકવવા ભલામણ કરે છે.**

૯. વિભાગના સચિવે સમિતિની બેઠકમાં ચર્ચા દરમિયાન સભ્યશ્રીઓની જાણકારી માટે એમ.બી.બી.એસ. ડોકટર અથવા એમ.ડી.-એમ.એસ. સ્પેશીયાલીસ્ટ ડોકટર માટે વિભાગ દ્વારા અમલમાં મુકવામાં આવેલ યોજનાની વિગતો આપેલ હતી જેમાં આદિવાસી વિસ્તારમાં તાલુકા અથવા ગ્રામ્ય વિસ્તારમાં જ્યાં સ્પેશીયાલીસ્ટ ડૉક્ટરની સવલત ઉપલબ્ધ નથી ત્યાં કોઇ એમ.બી.બી.એસ., એમ.ડી., એમ.એસ. થયેલા ડોકટર નર્સિંગ હોમ બાંધવા ઇચ્છે તો એમને રૂ. ૫૦ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. જેથી અંતરિયાળ વિસ્તારમાં તેઓ હોસ્પિટલ શરૂ કરે એટલે લોકોને સ્પેશીયાલીસ્ટ ડૉક્ટરની સેવા પણ મળે અને પોતે હોસ્પિટલ બાંધીને આસપાસના વિસ્તારના માણસોને રોજગારી આપી શકે અને એ પોતે પણ સ્વરોજગાર મેળવી શકે. સમિતિએ આ સહાયના ધોરણમાં વધારો કરી શકાય કે કેમ તેની પૃચ્છાના અનુસંધાને વિભાગના સચિવે જણાવ્યુ હતુ કે વિભાગ તરફથી ૭૦ લાખની સહાય સુચવવામાં આવેલ હતી. **સમિતિ ઉક્ત સહાયની રકમમાં મેડીકલના સાધનો પણ આવી જાય તે રીતે યોગ્ય વધારો કરવા ભલામણ કરે છે.**

૧૦. સમિતિએ ડી-સેગ દ્વારા બિયારણ અને ખાતર આપવાની યોજના-કૃષિ વૈવિધ્યકરણ પ્રોજેક્ટ અંગે તા.૨૫/૦૬/૨૦૨૪ તથા તા.૦૯/૦૭/૨૦૨૪ના રોજની બેઠકમાં ચર્ચા કરેલ જે મુજબ

આ યોજના અંતર્ગત એક જ પ્રકારનું ખાતર અને બિયારણ આપવામાં આવે છે તે બાબત અંગેની પૃચ્છા કરેલ તેના સંદર્ભે વિભાગના સચિવે જણાવ્યુ હતુ કે સહાયના ધોરણમાં વધારો કરવામાં આવેલ છે તેમજ દરેક તાલુકા માટે નક્કી કર્યુ છે કે તેના માટે કયુ બિયારણ ઉપલબ્ધ છે અને તેમાં લાભાર્થીને ત્રણથી ચાર બિયારણ લેવાનો વિકલ્પ આપવામાં આવે છે અને તેઓની જે માંગણી હોય તેનું બિયારણ તેમને આપવામાં આવે છે. સમિતિએ નોધ્યું હતુ કે બિયારણ નિષ્ફળ જવાની ઘટનાઓ જોવા મળેલ છે આથી દરેક ખેડૂતને સ્થાનિક કક્ષાએ જે પ્રકારનું બિયારણ ચાલતુ હોય તે બિયારણ આપવું જોઇએ. સમિતિના અવલોકન મુજબ લાભાર્થીની સંખ્યા અને તેમાં પાત્રતાના જે ધોરણો રાખેલ છે એ મુજબ ૧ થી ૨૦ ના આંકવાળા બી.પી.એલ.ને લાભ આપવામાં આવે છે આથી એ જ લાભાર્થી દર વર્ષે લાભ લઇ જાય છે અને તેના સિવાય જે લોકો નોંધાયા નથી તેવા લોકો લાભથી વંચિત રહી જાય છે જેથી તેમાં ફેરફાર કરવો જોઇએ અને યુનિટ કોસ્ટ હાલના સમય મુજબ ઓછી હોઇ તેમાં પણ વધારો થવો જોઇએ. વધુમાં સમિતિએ અવલોકન કરેલ હતુ કે જ્યારે આ પ્રકારના બિયારણ કે કીટનું વિતરણ કરવામાં આવે છે ત્યારે વિભાગ તરફથી જે-તે વિસ્તારના ધારાસભ્યોને જાણ કરવામાં આવતી નથી જેથી વિભાગની યોજનાઓનો લાભ કોને મળે છે તેનો ખ્યાલ આવતો નથી. **આથી, સમિતિ સ્થાનિક વિસ્તાર પ્રમાણે કઇ જમીનમાં કયા પ્રકારનું બિયારણ યોગ્ય રહેશે અને તે નિષ્ફળ ન જાય તે માટે સ્થાનિક કક્ષાએ ખેડૂતોને સાથે રાખી તેમની જરૂરીયાત મુજબનું બિયારણ આપવા ભલામણ કરે છે તેમજ યોજનાના પાત્રતાના ધોરણો મુજબ જે જરૂરીયાતમંદ લોકો બાકી રહી જાય છે તેવા લોકોનો સરવે કરાવીને લાભ આપવા તથા પાત્રતાના ધોરણોમાં નાના અને સીમાંત**

**ખેડૂતોને સામેલ કરવા અને યુનિટ કોસ્ટમાં પણ વધારો કરવા માટે ભલામણ કરે છે.** વધુમાં આ યોજના અંતર્ગત બિયારણ અને કીટ્સનું વિતરણ જે-તે વિસ્તારના ધારાસભ્યોની હાજરીમાં કરવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવા સમિતિ સૂચન કરે છે.

૧૧. સમિતિએ તા.૨૫/૦૬/૨૦૨૪, તા.૦૯/૦૭/૨૦૨૪ અને તા.૨૩/૦૭/૨૦૨૪ના રોજની બેઠકમાં આદિવાસી લોકોને જમીનની સનદો આપવા અંગેની વિસ્તૃત ચર્ચા કરી હતી અને તેમાં થતા વહીવટી વિલંબને ધ્યાને લઇ વિભાગને ઉક્ત કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવા સુચન કરેલ. ઉક્ત ચર્ચા દરમિયાન ડી-સેગના મુખ્ય કારોબારી અધિકારીએ જણાવ્યુ હતુ કે અમુક વિસ્તારના સેટેલાઇટ ઇમેજીસ ઉપલબ્ધ થયેલ ન હોઇ ડી-સેગ દ્વારા ગીર ફાઉન્ડેશન સાથે સંપર્ક કરવામાં આવેલ છે. આ ઉપરાંત બે પ્રાઇવેટ એજન્સી એનલિસ્ટ કરવામાં આવેલ કે જેમની પાસે જુના નકશા ઉપલબ્ધ છે તેમની પાસેથી નકશા ખરીદ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. ઉક્ત કામગીરી માટે બજેટ ફાળવણીની બાબત વિચારણા હેઠળ હોઇ તે અંગેના નિર્ણય બાદ આ સમસ્યાનો ઉકેલ આવી જશે. સમિતિએ દાવેદારને જમીન મળી છે પણ ઓછી મળી છે અને અપીલ અરજી કરી છે પણ સુનાવણી થઇ નથી તો એના માટે શું કરી શકાય તે પૃચ્છાના સંબંધમાં ડી-સેગના મુખ્ય કારોબારી અધિકારીના જણાવ્યા મુજબ ફોરેસ્ટ સાઇટ કમિટી ગ્રામસભામાં ઠરાવ કરે છે ત્યારબાદ પ્રાંત અધિકારી પાસે અને ડીસ્ટ્રીક લેવલ કમિટી (ડી.એલ.સી.) પાસે આવે છે. ડી.એલ.સી. જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં હોય છે એના નિર્ણય ઉપર કોઇ અપીલ સાંભળી શકે એવી કોઇ જોગવાઇ નથી. ડી.એલ.સી.ના નિર્ણય ઉપર માત્ર નામદાર હાઇકોર્ટમાં અપીલ થઇ શકે તે મુજબની વ્યવસ્થા અમલમાં છે. આ વિષયના અનુસંધાને સમિતિએ એક

બાબત ધ્યાને લીધેલ હતી કે ડીસ્ટ્રીક લેવલ કમિટી (ડી.એલ.સી.)માં કલેક્ટર કમિટીના અધ્યક્ષ હોય છે એમણે ક્યારે મિટીંગ બોલાવવી અને ક્યારે કેસો ચલાવવા એ કલેક્ટરનો અબાધિત અધિકાર હોય છે આથી, ડી.એલ.સી.ની બેઠકો નિયમિત મળતી નથી જેથી કેસોનો નિકાલ થતો નથી. **આથી, સમિતિ તમામ કલેક્ટર અને પ્રાયોજના વહીવટદારોને જરૂરી સુચના/ સંકલન કરવા તથા ઉક્ત વિષય આદિજાતિની ઘનીષ્ઠ વસતી ધરાવતા બધા જિલ્લાને સ્પર્શતો હોઇ તમામ જિલ્લાઓમાં અગ્રતાના ધોરણે સર્વે કરાવીને બધાને ન્યાય મળે એવી વ્યવસ્થા કરવા ભલામણ કરે છે.**

૧૨. સમિતિની તા.૦૯/૦૭/૨૦૨૪ના રોજની બેઠકમાં, અગાઉની તા.૨૫/૦૬/૨૦૨૪ના રોજની બેઠકમાં થયેલ ચર્ચા મુજબ ડી-સેગ દ્વારા કરવામાં આવતી કામગીરીનું વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવેલ. ઉક્ત પ્રેઝન્ટેશનમાં ડી-સેગ દ્વારા અમલમાં મુકવામાં આવેલ તમામ યોજનાઓની માહિતી સમિતિને આપવામાં આવેલ હતી.

૧૩. સમિતિએ સંકલિત ડેરી વિકાસ યોજના અંતર્ગત દૂધાળા પશુ આપવા અંગેના પ્રેજન્ટેશન દરમિયાન વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ મા વિભાગ દ્વારા દૂધાળા પશુઓ ખરીદવા માટે કોઇ કામગીરી થઇ નથી અને અમલીકરણની જવાબદારી ડેરીને આપવામાં આવેલ હોઇ પ્રાયોજના વહીવટદારની કચેરી લાભાર્થી નક્કી કરે પણ ડેરી મારફત જ પશુઓની ખરીદી થાય છે અને ડેરીના નક્કી કરેલા વેપારીઓ હોય તે પશુઓ લઇને આવે છે જેથી ઘણીવાર એવા પશુઓ આવે જે -તે વિસ્તારના હવામાનને અનુકૂળ હોતા નથી જેના લીધે તે દૂધ આપી શકતા નથી અથવા દૂધ આપવાની ક્ષમતા હોય તે ઘટી જાય છે આથી, લાભાર્થી તેનું મનપસંદ પશુ ખરીદી શકે તેવી

છૂટછાટ આપવી પડે તે પ્રમાણેનું અવલોકન કરેલ હતુ. ઉક્ત બાબતના અનુસંધાને વિભાગના સચિવે બે વિકલ્પો સુચવેલ હતા જે મુજબ પ્રથમ જ્યાં જિલ્લા પંચાયતમાં પશુપાલન વિભાગ કાર્યરત છે ત્યાં તેને અમલીકરણ એજન્સી બનાવવામાં આવે અને જ્યાં કાર્યરત નથી ત્યાં ડેરી દ્વારા યોજનાનું અમલીકરણ કરવામાં આવે. **સમિતિ દૂધાળા પશુ આપવાની સહાય યોજનાની ખરીદ સમિતિમાં સ્થાનિક ધારાસભ્યશ્રીનો સમાવેશ કરવા અને જે વ્યક્તિએ પશુ ખરીદવાનું છે તેને પણ હાજર રાખવા ભલામણ કરે છે.**

૧૪. સમિતિએ સિંચાઇ કુવા સાથે સોલાર પંપ યોજના અંગેના પ્રેજન્ટેશન દરમિયાન લોકો સુધી આ યોજના પહોંચે તે માટે અમલવારી અને કેટલા ફૂટ ઊંડો કૂવો ખોદવાનો હોય છે તથા લાભાર્થીને યુનિટ કોસ્ટ મુજબ લાભ મળે છે તે પૂરતા પ્રમાણમાં છે કે કેમ તેની પૃચ્છા કરેલ જે અન્વયે ડી-સેગના મુખ્ય કારોબારી અધિકારીએ જણાવ્યુ હતુ કે કાર્યપાલક ઇજનેર (પંચાયત, સિંચાઇ) ટેન્ડર કરીને એજન્સી નક્કી કરે છે અને આ યોજના અંતર્ગત લગભગ ૩૦-૪૦ ફૂટ જેટલો ઊંડો કૂવો ખોદવાનો હોય છે. વધુમાં તેઓએ જણાવ્યુ હતુ કે એક યુનિટની કોસ્ટ રૂ. ૭, ૪૬, ૯૫૦/- છે જેનો લાભ એક ખેડૂતને મળે છે એમાં કાર્યપાલક એન્જિનિયર તરફથી સૂચન આવ્યું કે અત્યારે એસ.ઓ.આર. વધ્યા એ પ્રમાણે સહાયમાં પણ વધારો થવો જોઇએ. અત્યારે યુનિટ કોસ્ટ રૂ. ૭, ૪૬, ૯૫૦/- છે નવા એસ.ઓ.આર. પ્રમાણે યુનિટ કોસ્ટ લગભગ રૂ. ૧૧ થી ૧૨ લાખ સુધી પહોંચી જાય તેમ છે. કાર્યપાલક એન્જિનિયર તરફથી નવા એસ.ઓ.આર.ની વિગતો મળ્યેથી નવા સુધારા કરી સરકારમાંથી મંજૂરી મેળવવાની રહે છે. ઉક્ત ચર્ચાના અનુસંધાને સમિતિએ માત્ર એક ખેડૂતને લાભ આપવામાં આવે એના કરતાં એક ખેડૂત એની સાથે પાંચ કે

છ ખેડૂતોનું એક જુથ બનાવે અને નજીક-નજીક ખેતરો હોય તો વચ્ચે એક કૂવો બનાવે તો પાંચ કે છ ખેડૂતો અલગ-અલગ વીજળીના કનેકશનથી પાણી લઇ શકે તેવું અવલોકન રજૂ કરેલ જેને વિભાગના સચિવે જણાવ્યુ હતુ કે ઉક્ત યોજનાનો લાભ વ્યકિતગત આપવો કે સામૂહિક આપવો એ બાબત અંગે ઘણો વિચાર-વિમર્શ કર્યા બાદ નિર્ણય લીધેલ હોઇ તથા આ યોજના નવી યોજના હોઇ હાલમાં એક-બે વર્ષ યોજનાનું અમલીકરણ કરવામાં આવે ત્યાર બાદ તેના અનુભવના આધારે આગળ વધવાનું યોગ્ય રહેશે. જે બાબતને સમિતિએ અનુમોદન આપી તપાસ પૂર્ણ કરી હતી.

૧૫. સમિતિએ ઉદ્વહન સિંચાઇ યોજના (લિફ્ટ ઇરિગેશન-એલ.આઇ.) અંગેના પ્રેઝન્ટેશન દરમિયાન તથા તા.૨૩/૦૭/૨૦૨૪ના રોજની બેઠકમાં વિવિધ જિલ્લાઓમાં આ યોજના અંતર્ગત થયેલ કામગીરીની પૃચ્છાના સંબંધમાં વિભાગના સચિવે જણાવ્યુ હતુ કે જે વિસ્તારોમાં પાણીનો સ્ત્રોત માર્ચ-એપ્રિલ સુધી તળાવ અથવા જળાશયમાં ઉપલબ્ધ હોય ત્યાં આ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જેના માટે રૂ. ૭૫ કરોડની નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે. ડી-સેગના મુખ્ય વહીવટી અધિકારીએ જણાવ્યુ હતુ કે પાંચ જિલ્લામાં કુલ બાણું (૯૨) યોજના મંજૂર થઇ છે. વધુમાં પ્રાયોજના વહીવટદારોને સૂચના આપવામાં આવેલ છે કે, દરેક જિલ્લામાંથી લિફ્ટ ઇરિગેશન (એલ.આઇ.) ની દરખાસ્ત મેળવવામાં આવે. સમિતિના અમુક જિલ્લામાં કામગીરી થયેલ નથી તેવા અવલોકનના સંદર્ભમાં વિભાગના સચિવે જણાવ્યુ હતુ કે જ્યાં એલ.આઇ. યોજના અમલમાં મુકવાની છે ત્યાં ટેકનીકલ સ્ટડી કરાવવો પડે છે પાણીની માત્રા કેટલી છે તે બધુ જોઇને ટેકનિકલ મંજૂરી (ટી.એસ.) સાથે દરખાસ્ત મળે પછી જ મંજૂર કરવામાં આવે છે.

સમિતિએ નોંધ્યુ હતુ કે પાણીનો સ્ત્રોત ઉપલબ્ધ રહેતો હોઇ ત્યાં એલ.આઇ. યોજનાઓ બંધ થયેલ છે અને હવે રીપેરીંગ થાય એવી સ્થિતિ નથી ત્યાં નવી એલ.આઇ. યોજના જ બનાવવાની રહે છે. ઉક્ત વિષયના અનુસંધાને વિભાગના સચિવે જણાવ્યુ હતુ કે આ બાબત સિંચાઇ વિભાગના ધ્યાને મૂકેલી છે અને સમિતિની ભલામણ હોય તો વિભાગ ફરીથી ધ્યાને મુકશે. **આથી, સમિતિ બધા જિલ્લાને લાભ મળે તે રીતે જિલ્લાવાર ઉદ્ભવહન સિંચાઇ યોજના (લિફ્ટ ઇરિગેશન–એલ.આઇ.) અંતર્ગત કાર્યવાહી કરવા ભલામણ કરે છે. આ યોજનાઓના અસરકારક અમલ માટે સિંચાઇ વિભાગ તથા સંલગ્ન વિસ્તારના ધારાસભ્યશ્રીના સંકલનમાં યોજનાનો અસકારક અમલ કરવા પણ સમિતિ ભલામણ કરે છે.**

૧૯. સમિતિએ કૃષિ યાંત્રિકીકરણ માટે સાધન સહાય (રોટાવેટર/થ્રેસર) યોજના અંગેના પ્રેજન્ટેશન દરમિયાન સહાય મેળવવાની સમય-મર્યાદા નિર્ધારિત કરવા અંગેની પૃચ્છાના સંબંધમાં વિભાગના સચિવે જણાવ્યુ હતુ કે યોજનાનું અમલીકરણ ખેતીવાડી ખાતાને આપવામાં આવેલ છે વિભાગ નાણાકીય જોગવાઇ પણ તેમના હવાલે જ મૂકે છે આથી, વિભાગ દ્વારા કોઇ ચૂકવણું મંજૂર કરવામાં આવતુ નથી. આ યોજનામાં વિભાગ માત્ર જિલ્લાવાર લક્ષ્યાંક નક્કી કરે છે. સમિતિએ લાભાર્થીની પાત્રતાના સંદર્ભમાં મત રજૂ કરેલ કે રોટાવેટર, થ્રેશર માટેની પાત્રતા વિશેષત: અસર પામેલાં આદિવાસી જૂથો (પી.વી.જી.ટી), વન અધિકાર અધિનિયમ (એફ.આર.એ.) અને ૧ થી ૨૦ ના આંકવાળા બી.પી.એલ. ની છે એમાં પી.વી.જી.ટી. અને એફ.આર.એ.ના લાભાર્થીઓ આર્થિક રીતે નબળા હોઇ ઉક્ત સહાયની રકમમાં વધારો કરવામાં

આવે તો તેઓ તેનો વધુ લાભ મેળવી શકશે. વિભાગના સચિવે જણાવ્યુ હતુ કે વિભાગે વધારે સહાય મંજૂરી માટે મુકેલ પરંતુ સરકાર દ્વારા હાલમાં અમલમાં છે તે મંજૂર કરેલ છે. **સમિતિ કૃષિ યાંત્રિકીકરણ માટે સાધન સહાય (રોટાવેટર/થ્રેસર) યોજના અંતર્ગત આપવામાં આવતી સહાયની રકમમાં અનુરૂપ વધારો કરવા તથા તેમાં નાના અને સીમાંત ખેડૂતોનો પણ સમાવેશ કરવા ભલામણ કરે છે.**

૧૭. સમિતિની તા.૦૯/૦૭/૨૦૨૪ અને તા.૨૩/૦૭/૨૦૨૪ના રોજની બેઠકમાં કૃષિ યાંત્રિકીકરણ માટે મીની ટ્રેક્ટર સહાય યોજના અંતર્ગત વિભાગના સચિવે જણાવ્યુ હતુ કે આ યોજના મીની ટ્રેક્ટર માટે મંજૂર થઇ હતી પણ એમાં મોટા ટ્રેક્ટરનો પણ સમાવેશ કરવામાં આવે તેવી રજૂઆતો મળેલ હોઇ વિભાગ દ્વારા ઠરાવમાં સુધારો કરવા સરકારની મંજૂરી અર્થે રજૂ કરેલ છે જે હાલ વિચારણા હેઠળ હોઇ એ થયેથી તે મુજબનો ઠરાવમાં સુધારો કરવામાં આવશે. જેના અનુસંધાને સમિતિએ મોટા ટ્રેક્ટરની યુનિટ કોસ્ટ નક્કી કોના દ્વારા કરવામાં આવે છે તેવી પૃચ્છા કરતા વિભાગના સચિવે જણાવ્યુ હતુ કે યુનિટ કૉસ્ટમાં ફેરફાર કરવાનો નથી. મીની ટ્રેક્ટર સાથે મોટા ટ્રેક્ટરનો લાભ આપવાનો છે જેને મોટું ટ્રેકટર લેવું હશે એ લાભાર્થી સહાય ઉપરાંતની રકમ પોતે આપશે. સમિતિએ સબસિડીમાં વધારો કરવો જોઇએ તેવો અભિપ્રાય આપી ભલામણ કરે છે કે **કૃષિ યાંત્રિકીકરણ માટે મીની ટ્રેક્ટર સહાય યોજના અંતર્ગત આપવામાં આવતી સહાયની રકમમાં અનુરૂપ વધારો કરવા તથા તેમાં નાના અને સીમાંત ખેડૂતોનો પણ સમાવેશ કરવા સમિતિ ભલામણ કરે છે.**

૧૮.	પશુપાલન થકી આજીવિકા આપવા માટે ડી-સેગની બકરા માટે સહાય યોજના અંગેના પ્રેઝન્ટેશન દરમિયાન સમિતિએ વિભાગનું ધ્યાન દોરેલ કે વિધવા બહેનોને જ બકરા યુનિટ આપવામાં આવે છે ઘણીવાર શિક્ષિત અને બેરોજગાર બહેનો પણ અરજી કરતા હોય છે પરંતુ તેમને આ યોજનાનો લાભ આપવામાં આવતો નથી. જેના અનુસંધાને વિભાગના સચિવે જણાવ્યુ હતુ કે વિધવા બહેનોને અગ્રતા આપવાની હોય છે તેનો અર્થ એવો નથી કે બીજા કોઇને તેનો લાભ આપવામાં ન આવે તેમ છતાં વિભાગ ઠરાવનું મૂલ્યાંકન કરી દૂધાળા ઢોર, ઘેટાં-બકરાં માટે સમયસર દખાસ્ત આવે તો સરકારમાં મંજૂરી લઇને બજેટમાં વધારો કરીને આપવામાં આવશે. **સમિતિ શિક્ષિત અને બેરોજગાર આદિવાસી બહેનોને પણ બકરા માટે સહાય યોજનાનો લાભ મળે તે રીતે જરૂર જણાય તો ઠરાવની જોગવાઇમાં અનુરૂપ ફેરફાર કરી યોજનાનો અમલ કરવા ભલામણ કરે છે.**

૧૯.	ફળાઉ ઝાડ રોપા સહાય યોજના અંગેના ડી-સેગના પ્રેઝન્ટેશન દરમિયાન સમિતિએ દાહોદ જિલ્લામાં વર્ષ ૧૯૯૯-૨૦૦૦થી બાગાયતી રોપાનો લાભ બંધ થયેલ છે જે તત્સમયે પડેલ દુષ્કાળના કારણે હોઇ તેમજ હાલના સમયમાં સિંચાઇની સગવડ ઉપલબ્ધ હોઇ આ યોજનાનો લાભ દાહોદ જિલ્લાને આપવો જોઇએ તેવું અવલોકન કરેલ જેના પ્રત્યુત્તરમાં વિભાગના સચિવે સંમતિ દર્શાવેલ. **સમિતિ દાહોદ સહિત બાકી રહેતા તમામ જિલ્લાઓનો ફળાઉ ઝાડ રોપા સહાય યોજનામાં સમાવેશ કરવા ભલામણ કરે છે.**

૨૦.	સમિતિએ ટીસ્યુ કલ્ચર બનાના યોજના અંગેના ડી-સેગના પ્રેઝન્ટેશન દરમિયાન એક બાબતનું અવલોકન કરેલ કે છોટા ઉદેપુર જિલ્લામાં બનાના ટીસ્યુનું ખેડૂતો મોટા પ્રમાણમાં

ઉત્પાદન કરે છે. તાજેતરમાં વાવાઝોડાના કારણે ખેડૂતોના કેળના પાકને મોટા પ્રમાણમાં નુકસાન થયેલ પરંતુ આ નુકસાન માટે ખેડૂતોને કોઇ જ પ્રકારનું વળતર કે લાભો મળતા નથી કારણકે યોજનામાં વળતરની કોઇ જોગવાઇ કરેલ નથી. **આથી, સમિતિ આદિવાસી ખેડૂતોને કુદરતી આફતોના લીધે થતા નુકસાનનું યોગ્ય વળતર મળે એવી વ્યવસ્થા ગોઠવવા ભલામણ કરે છે.**

૨૧. ડી-સેગના મુખ્ય કારોબારી અધિકારીએ દૂધઘરની બાંધકામ સહાય યોજના અંગેના પ્રેઝન્ટેશન દરમિયાન જણાવ્યુ હતુ કે દૂધઘરની બાંધકામ સહાયની યોજના વર્ષ ૨૦૨૨-૨૩થી અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં દરેક દૂધમંડળીને બાંધકામ માટે રૂ. ૧૦ લાખની સહાય આપવામાં આવે છે અને અત્યાર સુધીમાં ૩૦ જેટલા દૂધઘર માટે મંજૂરી આપવામાં આવી છે. સમિતિએ અવલોકન કરેલ હતુ કે દૂધઘર અને ઘાસ સંગ્રહ માટે ગોડાઉન બનાવવા માટેની આ ખૂબ સારી યોજના છે પરંતુ, રૂ. ૧૦ લાખમાં ગોડાઉન બનાવી શકાતું નથી જેમાં વધારો કરવો જોઇએ. **આથી, સમિતિ દૂધઘરની બાંધકામ સહાય યોજના અંતર્ગત આપવામાં આવતી સહાયમાં યોગ્ય વધારો કરવા ભલામણ કરે છે.**

૨૨. સમિતિએ ડી-સેગના પ્રેઝન્ટેશનની શરૂઆતમાં ડી-સેગના વહીવટી માળખા તેમજ ડી-સેગ કચેરીનું મંજૂર મહેકમ તથા ડી-સેગ દ્વારા કરવામાં આવતી યોજનાકીય કામગીરી વગેરે બાબતોને ધ્યાને લઇ **સમિતિ ડી-સેગની મુખ્ય કચેરીમાં મંજૂર મહેકમ પૈકીની ખાલી જગ્યાઓ બનતી ત્વરાએ ભરવા ભલામણ કરે છે.**

૨૩. સમિતિએ તા.૨૩/૦૭/૨૦૨૪ના રોજની બેઠકમાં લિફ્ટ ઈરિગેશન (એલ.આઇ.) યોજનાની ચર્ચા દરમિયાન જણાવ્યુ હતુ કે છોટા ઉદેપુર જિલ્લામાં રાજ્ય સરકાર હસ્તકના બે ડેમ છે અને પંચાયત વિભાગ હસ્તકના તેર તળાવો નાની સિંચાઇ યોજનાના છે. એલ.આઇ. યોજનાની રકમ નદીઓ ઉપર, કોતરો ઉપર વાપરવાને બદલે પંચાયત વિભાગની સાથે મળી નાની સિંચાઇ યોજનાના જે ડેમ/ તળાવો છે તેને આ લીફ્ટ ઇરીગેશનની રકમ આપવામાં આવે અને ફુવારા અથવા ટપક પદ્ધતિથી સિંચાઇ કરાવવામાં આવે તો વધારે વિસ્તારમાં સિંચાઇનો લાભ આપી શકાય તેમ છે. **સમિતિ ભારતના મોહનપુરા ડેમના ઉદાહરણને ધ્યાને મુકી એલ.આઇ. યોજનાની રકમ આ પ્રકારની શક્યતા તપાસી તદનુસાર આયોજન કરવાની ભલામણ કરે છે.** વધુમાં સમિતિએ સોલાર રૂફટોપ યોજનાનો લાભ જે આદીવાસી લોકો છુટા છુટા રહે છે તેમને આપવામાં આવે અને દિલ્હી આઇઆઇટીએ લેટેસ્ટ ટેકનોલોજીથી શોધેલી કીટસ કે જે અરૂણાચલ પ્રદેશ રાજ્યમાં ધારાસભ્યો અને સાંસદ સભ્યોએ પોતાની ગ્રાન્ટમાંથી ત્યાંના આદીવાસી લોકોને આપેલ કિટ્સ જેમાં બે બલ્બ ચાલુ થાય, એક પંખો ફરે અને તેની બેટરી ચાર્જ થાય તેવી વ્યવસ્થા છે. **સમિતિ આ પ્રકારની કીટની સુવિધા રાજ્યના આદિજાતિના જરૂરીયાતમંદ લોકોને આપવા શક્યતા ચકાસવા અને તદનુસાર યોગ્ય વ્યવસ્થા ગોઠવવા ભલામણ કરે છે.**

૨૪. સમિતિએ તા.૨૩/૦૭/૨૦૨૪ના રોજની બેઠકમાં જિલ્લાની ટ્રાયબલ પ્રોજેક્ટ કચેરીઓમાં કર્મચારીઓની ભરતી થયેલ નથી તે અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કર્મચારીઓના અભાવે વિભાગ કામ કરી શકતુ નથી તો તેમની ભરતી કરવાનું કામ વહેલી તકે થાય અને **તમામ**

**જિલ્લાના પ્રાયોજના વહીવટદાર કચેરીમાં મંજૂર મહેકમ પૈકી ખાલી રહેલ તમામ જગ્યાઓ અગ્રતાના ધોરણે ભરાય તેવી ભલામણ કરે છે.**

૨૫. સમિતિની તા.૨૧/૦૮/૨૦૨૪ના રોજ મળેલ બેઠકમાં આ અહેવાલના મુસદ્દાની વિચારણા દરમિયાન સમિતિએ આદિજાતિ વિસ્તારના આદિવાસી લોકોના ઘર કુદરતી આફત કે અન્ય કોઈ આકસ્મિક કારણથી સળગી જાય/આગ લાગવાની ઘટના બને છે, ત્યારે તેઓને ખુબ જ મોટું આર્થિક નુકશાન સહન કરવાનું થાય છે. **આથી, સમિતિ આદિજાતિના લોકોના ઘરને કુદરતી આફત/આકસ્મિક કારણોને લીધે આગ લાગવાની ઘટનાઓમાં તેઓને નવું મકાન બનાવી આપવા જરૂરી આર્થિક સહાય પુરી પાડવા ભલામણ કરે છે.**

૨૬. સમિતિની તપાસ દરમિયાન આદિજાતિ વિકાસ વિભાગના સચિવ, ડી-સેગના મુખ્ય કારોબારી અધિકારી સહિત અન્ય અધિકારીઓનો, સમિતિ સમક્ષ ઉપસ્થિત રહી માહિતી આપવા અને સાથ-સહકાર આપવા બદલ સમિતિ તેમનો આભાર માને છે.

૨૭. સમિતિને મદદરૂપ થવા બદલ ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારી/ કર્મચારીઓનો પણ સમિતિ આભાર માને છે.

**ગાંધીનગર** | **અભેસિંહ તડવી,**

**તા.૨૧/૦૮/૨૦૨૪** | **પ્રમુખ,**

**અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ**

## સમિતિની ભલામણો

| અનુ. નં. | ફકરા ક્રમાંક | ભલામણ |
|---|---|---|
| ૧ | ૫ | સમિતિ ડી-સેગ દ્વારા અમલમાં મુકેલ યોજનાઓનો મુખ્ય હેતુ આદીવાસી લોકોને રોજગારી મળી રહે તે હોઇ, ડી-સેગની તમામ યોજનાઓની જાણકારી ધારાસભ્યશ્રીઓ તથા જિલ્લા અને તાલુકા સ્તરે તમામ આદીવાસી લોકોને મળી રહે તે માટે જરૂરી તમામ વ્યવસ્થા ગોઠવવા ભલામણ કરે છે. |
| ૨ | ૬ | સમિતિ વૉકેશનલ ટ્રેઇનિંગ યોજના અંતર્ગત આદિજાતિના લોકોને ટ્રેક્ટર માટે તથા કોમર્શીચલ ડ્રાઇવીંગ લાયસન્સ જેવા કે હેવી ગુડ્સ મોટર વ્હીકલ (એચ.જી.એમ.વી.), હેવી પેસેન્જર મોટર વ્હીકલ (એચ.પી.એમ.વી) અને લાઇટ મોટર વ્હીકલ (એલ.એમ.વી.) મળી રહે તેવી વ્યવસ્થા કરવા ભલામણ કરે છે. |
| ૩ | ૮ | સમિતિએ વિભાગને તમામ બાબતોની કાળજીપૂર્વકની વિચારણા કરી, મેડીકલ-એન્જીનીયરીંગ પ્રવેશ કોચિંગ યોજના અંતર્ગત આપવામાં આવતી વિદ્યાર્થીદીઠ રૂ. ૨૦ હજારની વર્તમાન સહાયમાં અનુરૂપ વધારો કરવા તથા ઉક્ત સહાયની રકમ વિદ્યાર્થીએ લીધેલ કોચીંગના પૂરાવા રજૂ કર્યેથી વિદ્યાર્થીને ડી.બી.ટી. મારફત સીધા તેમના બેંક ખાતામાં ચૂકવવા ભલામણ કરે છે. |
| ૪ | ૯ | સમિતિ એમ.બી.બી.એસ. ડોકટર અથવા એમ.ડી.-એમ.એસ. સ્પેશીચાલીસ્ટ ડોકટર માટે વિભાગ દ્વારા અમલમાં મુકવામાં આવેલ યોજના અંતર્ગત આપવામાં આવતી સહાયની રકમમાં મેડીકલના સાધનો પણ આવી જાય તે રીતે યોગ્ય વધારો કરવા ભલામણ કરે છે. |
| ૫ | ૧૦ | સમિતિ બિયારણ અને ખાતર આપવાની યોજના-કૃષિ વૈવિધકરણ પ્રોજેક્ટ અંતર્ગત સ્થાનિક વિસ્તાર પ્રમાણે કઇ જમીનમાં કયા પ્રકારનું બિયારણ યોગ્ય રહેશે અને તે નિષ્ફળ ન જાય તે માટે સ્થાનિક કક્ષાએ ખેડૂતોને સાથે રાખી તેમની જરૂરીયાત મુજબનું બિયારણ આપવા ભલામણ કરે છે તેમજ યોજનાના પાત્રતાના ધોરણો મુજબ જે જરૂરીયાતમંદ લોકો બાકી રહી જાય છે તેવા લોકોનો સરવે કરાવીને લાભ આપવા તથા પાત્રતાના ધોરણોમાં નાના અને સીમાંત ખેડૂતોને સામેલ કરવા અને યુનિટ કોસ્ટમાં પણ વધારો કરવા માટે ભલામણ કરે છે. |
| ૬ | ૧૧ | સમિતિ આદિવાસી લોકોને જમીનની સનદો આપવા અંગે તમામ કલેક્ટર અને પ્રાયોજના વહીવટદારોને જરૂરી સુચના/ સંકલન કરવા તથા ઉક્ત વિષય આદિજાતિની ઘનીષ્ઠ વસતી ધરાવતા બધા જિલ્લાને સ્પર્શતો હોઇ તમામ જિલ્લાઓમાં અગ્રતાના ધોરણે સર્વે કરાવીને બધાને ન્યાય મળે એવી વ્યવસ્થા કરવા ભલામણ કરે છે. |
| ૭ | ૧૩ | સમિતિ દૂધાળા પશુ આપવાની સહાય યોજનાની ખરીદ સમિતિમાં સ્થાનિક ધારાસભ્યશ્રીનો સમાવેશ કરવા અને જે વ્યક્તિએ પશુ ખરીદવાનું છે તેને પણ હાજર રાખવા ભલામણ કરે છે. |

| | | |
|---|---|---|
| ૮ | ૧૫ | સમિતિ બધા જિલ્લાને લાભ મળે તે રીતે જિલ્લાવાર ઉદ્ધવહન સિંચાઇ યોજના (લિફ્ટ ઈરિગેશન-એલ.આઇ.) અંતર્ગત કાર્યવાહી કરવા ભલામણ કરે છે. આ યોજનાઓના અસરકારક અમલ માટે સિંચાઇ વિભાગ તથા સંલગ્ન વિસ્તારના ધારાસભ્યશ્રીના સંકલનમાં યોજનાનો અસકારક અમલ કરવા પણ સમિતિ ભલામણ કરે છે. |
| ૯ | ૧૬ | સમિતિ કૃષિ યાંત્રિકીકરણ માટે સાધન સહાય (રોટાવેટર/થ્રેસર) યોજના અંતર્ગત આપવામાં આવતી સહાયની રકમમાં અનુરૂપ વધારો કરવા તથા તેમાં નાના અને સીમાંત ખેડૂતોનો પણ સમાવેશ કરવા ભલામણ કરે છે. |
| ૧૦ | ૧૭ | કૃષિ યાંત્રિકીકરણ માટે મીની ટ્રેક્ટર સહાય યોજના અંતર્ગત આપવામાં આવતી સહાયની રકમમાં અનુરૂપ વધારો કરવા તથા તેમાં નાના અને સીમાંત ખેડૂતોનો પણ સમાવેશ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૧૧ | ૧૮ | સમિતિ શિક્ષિત અને બેરોજગાર આદિવાસી બહેનોને પણ બકરા માટે સહાય યોજનાનો લાભ મળે તે રીતે જરૂર જણાય તો ઠરાવની જોગવાઇમાં અનુરૂપ ફેરફાર કરી યોજનાનો અમલ કરવા ભલામણ કરે છે. |
| ૧૨ | ૧૯ | સમિતિ દાહોદ સહિત બાકી રહેતા તમામ જિલ્લાઓનો ફળાઉ ઝાડ રોપા સહાય યોજનામાં સમાવેશ કરવા ભલામણ કરે છે. |
| ૧૩ | ૨૦ | સમિતિ આદિવાસી ખેડૂતોને કુદરતી આફતોના લીધે થતા નુકસાનનું યોગ્ય વળતર મળે એવી વ્યવસ્થા ગોઠવવા ભલામણ કરે છે. |
| ૧૪ | ૨૧ | સમિતિ દૂધઘરની બાંધકામ સહાય યોજના અંતર્ગત આપવામાં આવતી સહાયમાં યોગ્ય વધારો કરવા ભલામણ કરે છે. |
| ૧૫ | ૨૨ | સમિતિ ડી-સેગની મુખ્ય કચેરીમાં મંજૂર મહેકમ પૈકીની ખાલી જગ્યાઓ બનતી ત્વરાએ ભરવા ભલામણ કરે છે. |
| ૧૬ | ૨૩ | સમિતિ ભારતના મોહનપુરા ડેમના ઉદાહરણને ધ્યાને મુકી એલ.આઇ. યોજનાની રકમ આ પ્રકારની શક્યતા તપાસી તદનુસાર આયોજન કરવાની ભલામણ કરે છે. |
| ૧૭ | | સમિતિ સોલાર કીટ્સની સુવિધા રાજ્યના આદિજાતિના જરૂરીયાતમંદ લોકોને આપવા શક્યતા ચકાસવા અને તદનુસાર યોગ્ય વ્યવસ્થા ગોઠવવા ભલામણ કરે છે. |
| ૧૮ | ૨૪ | સમિતિ તમામ જિલ્લાના પ્રાયોજના વહીવટદાર કચેરીમાં મંજૂર મહેકમ પૈકી ખાલી રહેલ તમામ જગ્યાઓ અગ્રતાના ધોરણે ભરાય તેવી ભલામણ કરે છે. |
| ૧૯ | ૨૫ | સમિતિ આદિજાતિના લોકોના ઘરને કુદરતી આફત/આકસ્મિક કારણોને લીધે આગ લાગવાની ઘટનાઓમાં તેઓને નવું મકાન બનાવી આપવા જરૂરી આર્થિક સહાય પૂરી પાડવા ભલામણ કરે છે. |

---------